# યવતેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં સતત બીજા દિવસે પણ દબાણ હટાવ ઝુંબેશ



વડોદરા : વડોદરામાં આવેલા ઐતિહાસિક યવતેશ્વર કમ્પાઉન્ડની કરોડો રૂપિયાની કિંમતી જમીનને ગેરકાયદેસર દબાણોમાંથી મુક્ત કરાવવા માટે વહીવટી તંત્ર દ્વારા એક બહુ મોટું અને કડક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. લાંબા સમયથી ખડકાયેલા દબાણો પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું છે અને આ અતિ કિંમતી સરકારી જમીનનો સંપૂર્ણ કબજો મેળવવાની કાયદાકીય પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. ફેન્સિંગ બાદ વહીવટી તંત્રની સીધી નિગરાની હેઠળ ગઈકાલ બપોરથી જ આ જમીન પરથી ગેરકાયદેસર બાંધકામો અને દબાણો તોડી પાડવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી હતી. આ ઝુંબેશ ૨૪ કલાકથી પણ વધુ સમયથી સતત અને અવિરતપણે દબાણ હટાવવાની આ પ્રક્રિયા ચાલી રહી છે. ઓપરેશન શરૂ કરતા પહેલાં ત્યાં ગેરકાયદેસર રીતે રહેતા તમામ રહેવાસીઓ પાસે તેમના મકાનો અને ચીજવસ્તુઓ ખાલી કરાવી લેવામાં આવી હતી. આ સમગ્ર દબાણોને જમીનદોસ્ત કરવા માટે તંત્ર દ્વારા બે મોટા હિટાચી મશીનો તેમજ જેસીબી મશીનો તૈનાત કરવામાં આવ્યા છે. વહીવટી અધિકારીઓના જણાવ્યા અનુસાર, મોડી સાંજ સુધીમાં સમગ્ર વિસ્તારમાંથી તોડી પાડેલા બાંધકામોનો કાટમાળ હટાવી લેવામાં આવશે વિશાળ પરિસરમાં માત્ર વર્ષો જૂનું અને શ્રદ્ધાનું કેન્દ્ર એવું પવિત્ર યવતેશ્વર મહાદેવનું ભોલેનાથનું મંદિર જ મુખ્ય રૂપે દ્રશ્યમાન થશે, કરોડો રૂપિયાની આ કિંમતી જમીન દબાણમુક્ત અને ખુલ્લી થઈ ગયા બાદ તેનો ઉપયોગ જનહિત અને ધાર્મિક પ્રવાસનના વિકાસ માટે કરવામાં આવશે. આગામી દિવસોમાં આ ખુલ્લી થયેલી જમીન પર ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ભક્તો અને પ્રવાસીઓ માટે વિવિધ સુવિધાઓ તેમજ વિકાસલક્ષી કાર્યો હાથ ધરવામાં આવે તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે.

### ફાયર ઓફિસરની સીધી કાર્યવાહીથી દોડધામ

## સયાજી હોસ્પિટલમાં ફાયર સેફ્ટીની તપાસ કરવામાં આવી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૯ શહેરની સયાજી હોસ્પિટલમાં દર્દીઓની સુરક્ષાને ધ્યાને રાખીને આજે ફાયર સેફ્ટી વિભાગ દ્વારા મહત્વપૂર્ણ તપાસ હાથ ધરવામાં આવી હતી. ફાયર સેફ્ટી ઓફિસર નફીસ મલેક સયાજી હોસ્પિટલ ખાતે રૂબરૂ મુલાકાતે પહોંચ્યા હતા અને ત્યાં સ્થાપિત ફાયર સેફ્ટીના સાધનોની સઘન ચકાસણી કરી હતી. વડોદરા મહાનગર પાલિકા દ્વારા અગાઉ પણ ફાયર સેફ્ટીના નિયમોનું પાલન કરવા અને સાધનો કાર્યરત રાખવા માટે સયાજી હોસ્પિટલને વારંવાર નોટિસ આપવામાં આવી હતી. પાલિકાની સતત તાકીદ છતાં સાધનોની જાળવણી અને કાર્યક્ષમતા અંગે ઉઠતા સવાલોના પગલે આજે ફાયર ઓફિસરએ સીધી કાર્યવાહી શરૂ કરી છે. ફાયર સેફ્ટી ઓફિસર નફીસ મલેક દ્વારા હોસ્પિટલના વિવિધ વિભાગોમાં જઈને ફાયર એક્સટિંગ્યુશર્સ, ફાયર હાઈડ્રન્ટ્સ અને અન્ય સુરક્ષા સાધનો



ઓપરેશનલ સ્થિતિમાં છે કે નહીં તેની રૂબરૂ તપાસ કરી હતી. સાધનોની જાળવણી અને ઈમરજન્સી સમયે તેના ઉપયોગ અંગેની તૈયારીઓનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ અંગે વધુ માહિતી આપતા ફાયર સેફ્ટી ઓફિસર નફીસ મલેકે જણાવ્યું હતું કે, આજે સ્થળ તપાસ પૂર્ણ કરવામાં આવી છે. હવે તમામ સાધનોના ઈન્સ્પેક્શનનો વિગતવાર રિપોર્ટ તૈયાર કરવામાં આવશે અને ત્યારબાદ તે પાલિકાના ઉચ્ચ અધિકારીઓને સુપ્રત કરવામાં આવશે. જો રિપોર્ટમાં કોઈ ખામીઓ જણાશે તો હોસ્પિટલ તંત્ર સામે કાર્યવાહી કરવામાં આવશે.

### AIUTUC દ્વારા

## વસ્ત્રાલમાં બ્લાસ્ટની કડક તપાસની માગ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૯ વસ્ત્રાલ વિસ્તારના રામોલ નજીક ગત ૧૮ જુલાઈના રોજ એક ગેરકાયદેસર ચાલતી ફટાકડાની ફેક્ટરીમાં થયેલા ભયાનક વિસ્ફોટમાં બાળકો અને મહિલાઓ સહિત ૯ નિર્દોષ કામદારોએ જીવ ગુમાવ્યા છે. આ ફેક્ટરીના માલિક મેહુલ ડોડિયાની ફેક્ટરીનું લાયસન્સ અગાઉ રદ કરીને તેને સીલ કરવામાં આવી હતી, તેમ છતાં અધિકારીઓની મિલીભગતથી ગેરકાયદેસર રીતે કામગીરી ચાલુ હતી.આ ઘટના બાદ 'ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ટ્રેડ યુનિયન સેન્ટર'ના જયેશ પટેલે સરકાર દ્વારા જાહેર કરાયેલા વળતરને 'ક્રૂર મજાક' ગણાવી રોષ વ્યક્ત કર્યો છે. સંસ્થાએ મુખ્યમંત્રીને પત્ર લખીને માંગણીઓ કરી છે કે મૃતકોના પરિવારને રૂ. ૫૦ લાખનું વળતર અને ઈજાગ્રસ્તોને રૂ. ૧૦ લાખની સહાય મળે, જવાબદાર માલિક અને બેદરકાર અધિકારીઓ સામે દાખલા રૂપ કડક કાર્યવાહી કરવામાં આવે, રામોલ વિસ્તારમાં ચાલતી તમામ ગેરકાયદેસર ફેક્ટરીઓ તાત્કાલિક સીલ કરવામાં આવે.

### AEIAT પરીક્ષામાં મોટી રાહત

## ૫ પ્રશ્નના ગુણ તમામને, 5માં બહુવિકલ્પ સાચા જ ગણાશે

**રાજ્ય પરીક્ષા** બોર્ડનો નિર્ણય, મદનીશ કેળવણી નિરીક્ષકની ફાઇનલ કીમાં સુધારો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.19 ગુજરાત પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલી મદનીશ કેળવણી નિરીક્ષક એપ્ટિટ્યૂડ ટેસ્ટ એટલે કે એઈઆઈએટીની મુખ્ય પરીક્ષા પેપર-2 ની અંતિમ આન્સર કી જાહેર કરવાની સાથે જ ઉમેદવારો માટે મહત્વનો નિર્ણય લેવાયો છે. બોર્ડે ફાઈનલ ચાવીમાં કુલ 5 પ્રશ્નોમાં ભૂલ અથવા વિસંગતતા જોવા મળતા, તે તમામ પ્રશ્નોના ગુણ પરીક્ષા આપનાર દરેક ઉમેદવારને સમાન રીતે આપવાનો નિર્ણય કર્યો છે. આને કારણે હજારો ઉમેદવારોના કુલ સ્કોરમાં વધારો થવાની શક્યતા છે. આ ઉપરાંત પેપરમાં અન્ય 5 એવા પ્રશ્નો પણ હતા. જેમાં એક કરતા વધુ વિકલ્પ સાચા હોવાનું સામે આવ્યું હતું. આવા કિસ્સામાં બોર્ડે સ્પષ્ટતા કરી છે કે ઉમેદવારે આપેલા વિકલ્પોમાંથી ગમે તે એક વિકલ્પ પણ સાચો હશે તો તેને તે પ્રશ્નના પૂરેપૂરા ગુણ મળશે. રાજ્યમાં મદદનીશ કેળવણી નિરીક્ષકની સીધી ભરતી માટે પ્રથમ તબક્કાની પરીક્ષા 1 માર્ચે યોજાઈ હતી. જેમાં 25 હજારથી વધુ ઉમેદવારોએ ભાગ લીધો હતો. ત્યારબાદ યોગ્યતા ક્રમ મુજબ 2768 ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે પાત્ર જાહેર કરાયા હતા. આ મુખ્ય પરીક્ષા 23 જૂને લેવામાં આવી હતી. પ્રોવિઝનલ ચાવી સામે ઉમેદવારો તરફથી આવેલી રજૂઆતો અને વાંધા-સૂચનોની ચકાસણી બાદ બોર્ડે આ અંતિમ નિર્ણય લીધો છે. હવે ગ્રેસિંગ અને બહુવિકલ્પના નિર્ણય બાદ જ અંતિમ પરિણામ જાહેર કરવામાં આવશે. આ નિર્ણયથી મોટી સંખ્યામાં ઉમેદવારોને ફાયદો થવાની અપેક્ષા છે.

## ગાજરાવાડીના વૃદ્ધ રિક્ષામાંથી પછડાયા, માથામાં ઈજા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૯ શહેરના ગાજરાવાડી વિસ્તારમાં રામનાથ મંદિર પાસે રહેતા કનુભાઈ નામના વ્યક્તિ આજે અકસ્માતે રિક્ષામાંથી નીચે પછડાતા ઘાયલ થયા હોવાની ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કનુભાઈ આજે રિક્ષામાં મુસાફરી કરી રહ્યા હતા. રિક્ષા જ્યારે પ્રતાપનગર રોડ પરથી પસાર થઈ રહી હતી, ત્યારે વિહાર ટોકીઝની સામે પહોંચતા અચાનક તેઓ રિક્ષામાંથી નીચે પછડાયા હતા. આ ગંભીર અકસ્માતમાં તેમના માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકોએ તાત્કાલિક તેમને સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. સદનસીબે, કનુભાઈ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેઓ સંપૂર્ણ ભાનમાં છે. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમની સ્થિતિ હાલ સ્થિર છે અને તબીબોની દેખરેખ હેઠળ તેમની સારવાર ચાલી રહી છે.

### મેડિકલ સ્ટોર સંચાલકને વોન્ટેડ જાહેર કરાયો

## શહેરમાં નશાકારક કોડીન સીરપ વેચતી મહિલા આરોપી અમરતકૌર ઝડપાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.19 સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપને મળેલી ચોક્કસ બાતમીના આધારે વડોદરાના આજવા રોડ, સયાજીપાર્ક પાસે દત્તનગરમાંથી ગેરકાયદેસર નશાકારક પદાર્થોના વેચાણ પર કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં નશાકારક કોડીન સીરપનું વેચાણ કરતી એક સિકલીગર મહિલા ઝડપાઈ હતી. એસઓજીની ટીમ દ્વારા દત્તનગર સ્થિત એક રહેણાંક મકાનમાં રેડ કરતા કુલ 94 બોટલ કોડીન ફોસ્ફેટ એન્ડ ટ્રીપ્રોલડાઈન હાઈડ્રોક્લોરાઈડ સીરપ રેક્સલી-ટી મળી આવતા તેને કબજે કરવામાં આવી હતી. જેની કિંમત આશરે 16920 રૂપિયા થાય છે. સાથે એક મોબાઈલ મળી કુલ 22,020 રૂપિયાનો મુદ્દામાલ કબજે કરાયો છે. આ કેસમાં સ્થળ પરથી અમરતકૌર સતનામસિંહ સિકલીગર નામની મહિલા આરોપીની અટકાયત કરવામાં આવી છે. રહે. મકાન નં. 422/423, દત્તનગર, સયાજીપાર્ક, આજવા રોડ, વડોદરા. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે મહિલા આરોપીએ આર્થિક લાભ માટે વગર પાસ-પરમીટ કે લાયસન્સે પ્રતિબંધિત સીરપ ખરીદીને પોતાના મકાનમાં સંતાડી રાખી હતી અને ગ્રાહકોને છૂટકમાં વેચાણ કરતી હતી. પૂછપરછ દરમિયાન એ પણ ખુલ્યું કે અમરતકૌરે



આજવા રોડ પર આવેલ મેડિકલ સ્ટોરના સંચાલક પાસેથી આ નશાકારક સીરપનો જથ્થો ખરીદ્યો હતો. આ સંબંધમાં મેડિકલ સ્ટોરનો સંચાલક હાલ વોન્ટેડ છે અને તેને પકડવા માટે એસઓજી દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર મામલે બાપોદ પોલીસ સ્ટેશન ખાતે NDPS એક્ટની કલમ 8C, 20, 29 મુજબ ગુનો નોંધીને આગળની કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

## અકોટાના યુવાનને પગમાં અજાણ્યા જાનવરે કરડી ખાધુ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૯ શહેરના અકોટા વિસ્તારમાં આવેલા શબરી મોહલ્લામાં આજે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં ૩૭ વર્ષીય યુવાનને અજાણ્યા જાનવરે કરડતા વિસ્તારમાં ફફડાટ વ્યાપી ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, રાજુ સુબર પાત્રરા નામના વ્યક્તિને તેમના રહેઠાણ નજીક અજાણ્યા જાનવરે ડાબા પગના ભાગે બચકું ભરી લીધું હતું. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો દ્વારા યુવાનને તાત્કાલિક સારવાર અર્થે શહેરની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, રાજુ પાત્રરા હાલ ભાનમાં છે અને તેમની સારવાર ચાલી રહી છે. તબીબો તેમની સ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે. આ કયા પ્રકારનું જાનવર હતું અને તે ક્યાંથી આવ્યું, તેને લઈને તર્ક-વિતર્ક થઈ રહ્યા છે.

### ઢોર માલિકો સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માગ કરાઇ

## સાવલી-વડોદરા રોડ પર બે આખલાનું ધમસાણ,ચાલકોએ વાહનો થોભાવા પડયા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.19 વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં રખડતા ઢોરોનો આતંક દિવસેને દિવસે વધી રહ્યો છે. તંત્રની ઉદાસીનતાને કારણે મુખ્ય માર્ગો પર ઢોરોનું ટોળું જોવા મળી રહ્યું છે. જેના કારણે રોજબરોજ અકસ્માતની સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. સાવલી-વડોદરા રોડ પર બે આખલાઓ વચ્ચે જોરદાર ધમસાણ યુદ્ધ થતાં સમગ્ર વિસ્તારમાં દોડધામનો માહોલ સર્જાયો હતો. મુખ્ય માર્ગની વચ્ચે આખલાઓ શિંગડા ભટકાવીને એકબીજા પર તૂટી પડતા રાહદારીઓ અને વાહનચાલકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. આખલાઓના યુદ્ધને કારણે રસ્તા પરથી પસાર થતા વાહનચાલકોએ પોતાના વાહનો અચાનક રોકી દેવા પડ્યા હતા. થોડીવાર માટે સમગ્ર રોડ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. દ્વિ-ચક્રિ વાહનચાલકો અને પદયાત્રીઓ રસ્તાની બાજુમાં દોડી જઈને પોતાનો જીવ બચાવતા જોવા મળ્યા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે અકસ્માત સર્જાયો ન હતો.બસ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર સાવલી શહેર અને આસપાસના ગામોમાં રખડતા ગાય, ભેંસ અને આખલાઓનો ત્રાસ ખૂબ વધી ગયો છે. બજાર વિસ્તાર, શાળા-કોલેજના રસ્તા અને હાઈવે પર ઢોરોનું ટોળું બેફામ ફરે છે. અનેક વખત બે-પૈડા



વાહનચાલકો ઢોર સાથે અથડાઈને ઈજાગ્રસ્ત પણ થયા છે. ખાસ કરીને સાંજના સમયે અને વહેલી સવારે ઢોર રસ્તા વચ્ચે બેસી જતા હોવાથી વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ખેતીના પાકને પણ રખડતા ઢોરો દ્વારા નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે. આ બનાવ બાદ સ્થાનિક નાગરિકો અને વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોની માંગ છે કે તંત્ર દ્વારા રખડતા ઢોરને પકડીને ગૌશાળામાં મોકલવાની તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવે. સાથે જ ઢોર માલિકો સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવે જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય.

### ૨૭ જુલાઈ પહેલા પોતાનો રિપોર્ટ ચેક કરી લેવા સૂચના

## GSEB ધો.૧૦-૧૨ની પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર

( પ્રતિનિધિ ) વડોદરા,તા.19 ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જૂન-2026 માં લેવાયેલી ધોરણ-10 અને ધોરણ-12 વિજ્ઞાન તેમજ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષાના ગુણચકાસણીનું પરિણામ ઓનલાઈન જાહેર કરવામાં આવ્યું છે. અગાઉ પૂરક પરીક્ષાનું મુખ્ય પરિણામ 3 જુલાઈના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જે વિદ્યાર્થીઓને પોતાના ગુણ અંગે સંતોષ ન હતો તેઓએ નિયત સમયમર્યાદામાં ગુણચકાસણી માટે અરજી કરી હતી. બોર્ડે તમામ અરજીઓની ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ કરી લીધી છે. આ પ્રક્રિયા બાદ જે કોઈ ફેરફાર થયો છે તે દર્શાવતો આખરી સુધારેલો રિપોર્ટ બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર ઓનલાઈન મુકવામાં આવ્યો છે. અરજી કરનાર ઉમેદવારો 27 જુલાઈ 2026 સુધી વેબસાઈટ પર જઈને પોતાનો રિપોર્ટ ડાઉનલોડ કરી શકશે. આ માટે વિદ્યાર્થીએ પોતાનો સીટ નંબર, રજિસ્ટર્ડ મોબાઈલ નંબર અને પાસવર્ડ નાખીને લોગ-ઈન કરવાનું રહેશે. ગુણચકાસણી બાદ જો કોઈ વિદ્યાર્થીના પરિણામમાં ગુણમાં વધારો થયો હશે તો તેને નવું ગુણપત્રક આપવામાં આવશે. બોર્ડ દ્વારા આવા વિદ્યાર્થીઓના નવા ગુણપત્રક સીધા સંબંધિત શાળાઓને મોકલી આપવામાં આવશે.

શાળાઓએ આ નવા ગુણપત્રક સંબંધિત વિદ્યાર્થીને તાત્કાલિક ધોરણે વિતરણ કરવાના રહેશે. નોંધનીય છે કે ગુણચકાસણીની પ્રક્રિયા બાદ જ પૂરક પરીક્ષાનું અંતિમ પરિણામ ગણવામાં આવશે. તેથી જે વિદ્યાર્થીઓએ અરજી કરી છે તેમણે 27 જુલાઈ પહેલા પોતાનો રિપોર્ટ ચેક કરી લેવા બોર્ડે સૂચના આપી છે.

## વડોદરાની 'લાલ ફિતાશાહી' : મામલતદાર કચેરી કે વચેટિયાઓનો અડ્ડો?



ગુજરાતમિત્ર વડોદરાની ગપસપ

વડોદરાના ઉત્તર ઝોન મામલતદાર કચેરી વિશે હાલ લોકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે અહીં સરકારી નિયમો કરતાં વચેટિયાઓના નિયમો વધુ અસરકારક સાબિત થઈ રહ્યા છે. સરકાર ભલે 'ડિજિટલ ઈન્ડિયા', પારદર્શિતા અને ભ્રષ્ટાચારમુક્ત વહીવટની વાતો કરતી હોય, પરંતુ સામાન્ય નાગરિકોના અનુભવ કંઈક જુદી જ કહાની કહી રહ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. કહેવાય છે કે જો કોઈ અરજદાર સીધા કચેરીમાં જઈને નિયમ મુજબ કામ કરાવવાનો પ્રયાસ કરે તો તેની ફાઈલ કદાચ લાંબા સમય સુધી લાલ ફિતામાં જ અટવાઈ રહે, પરંતુ જો બહાર ઊભેલા કેટલાક 'સેવાભાવી માર્ગદર્શકો'નો સંપર્ક થઈ જાય તો એ જ ફાઈલ અચાનક વીજળીની ઝડપે દોડવા લાગે છે. લાગે છે કે કચેરીમાં એક અદ્રશ્ય 'ફાસ્ટ ટ્રેક' વ્યવસ્થા કાર્યરત છે, જેની માહિતી માત્ર પસંદગીના લોકોને જ હોય! ખાસ કરીને ડોમિસાઈલ સર્ટિફિકેટ જેવા સામાન્ય દસ્તાવેજ માટે પણ અરજદારોને એવી અનુભૂતિ થઈ રહી છે કે જાણે તેઓ કોઈ સરકારી કચેરીમાં નહીં, પરંતુ 'પ્રીમિયમ સર્વિસ સેન્ટર'માં આવ્યા હોય, જ્યાં સામાન્ય સેવા અને 'સ્પેશિયલ સેવા' વચ્ચેનો ફરક માત્ર ખિસ્સાની જાડાઈ નક્કી કરતી હોય. લોકોમાં તો એવી ટીખળ પણ ચાલી રહી છે કે હવે સરકારી કચેરીની બહાર બોર્ડ લગાવી દેવું જોઈએ - "નિયમ મુજબ કામ કરાવશો તો રાહ જુઓ... અને જો વચેટિયા સાથે આવશો તો સ્વાગત છે!" આ ચર્ચા માત્ર ઉત્તર ઝોન પૂરતી મર્યાદિત નથી. સામાન્ય લોકોમાં એવી પણ ચર્ચા છે કે શહેરની અનેક સરકારી કચેરીઓમાં વચેટિયાઓનું એક એવું નેટવર્ક સક્રિય છે, જે સામાન્ય નાગરિક કરતાં વધુ આત્મવિશ્વાસથી કામ થવાની ખાતરી આપે છે. પ્રશ્ન એ થાય છે કે આ આત્મવિશ્વાસ માત્ર અનુભવના આધારે છે કે પછી કોઈના આશીર્વાદના આધારે? જો આ માત્ર અફવા છે તો તંત્રએ પારદર્શક તપાસ કરીને તેને ખોટી સાબિત કરવી જોઈએ, પરંતુ જો આક્ષેપોમાં જરાય સચ્ચાઈ હોય તો પછી કાર્યવાહી પણ એટલી જ ઝડપથી થવી જોઈએ, જેટલી ઝડપથી કથિત રીતે કેટલીક ફાઈલો આગળ વધે છે. અંતે પ્રશ્ન માત્ર એક કચેરીનો નથી, પરંતુ સમગ્ર વહીવટી વ્યવસ્થાની વિશ્વસનીયતાનો છે. સામાન્ય નાગરિકને પોતાના હકનું કામ કરાવવા માટે વચેટિયાનો સહારો લેવો પડે, તો પછી 'સિંગલ વિન્ડો સિસ્ટમ'નો અર્થ શું રહ્યો? સરકાર જ્યારે પારદર્શિતાની વાત કરે છે ત્યારે ગ્રાઉન્ડ લેવલ પર પણ તેની અસર દેખાવવી જોઈએ. હવે લોકોની નજર જવાબદાર અધિકારીઓ પર છે કે તેઓ આ ચર્ચાઓને માત્ર 'ચાની કીટલીની ગપસપ' ગણીને ભૂલી જશે કે પછી ખરેખર લાલ ફિતાશાહીના ગૂંચવાયેલા દોરા કાપીને સામાન્ય નાગરિકને રાહત આપશે.

### માંજલપુર પેટાચૂંટણી : નારાજ કાર્યકરોને જ જવાબદારી સોંપી દેવામાં આવી!

ભારતીય જનતા પાર્ટી કોઈ પણ ચૂંટણીને ક્યારેય હળવાશથી લેતી નથી, પરંતુ માંજલપુર વિધાનસભાની પેટાચૂંટણીમાં તો એવું લાગી રહ્યું છે કે ચૂંટણી નહીં, જાણે કોઈ હાઈ-સિક્યુરિટી મિશન ચાલી રહ્યું હોય! ઉમેદવાર સતીશ પટેલ છાણીના હોવાથી સ્થાનિક સ્તરે અસંતોષ અને વિરોધની ચર્ચાઓ શરૂ થઈ, પરંતુ પ્રદેશ નેતૃત્વે કદાચ વિચાર્યું હશે કે જ્યારે અસંતોષને જ જવાબદારી સોંપી દેવામાં આવે, ત્યારે વિરોધ કરવાનો સમય કોને મળે? પરિણામે, જે લોકો નુકસાન પહોંચાડી શકે એવી ચર્ચા હતી, તેમને જ બૂથની જવાબદારી સોંપી દેવામાં આવી છે. હવે વિરોધ કરવો કે બૂથ સંભાળવુ - પસંદગી તેમની!



પ્રદેશ મહામંત્રી હિતેન્દ્રસિંહ ચૌહાણે તો વડોદરામાં એવો ડેરો જમાવ્યો છે કે જાણે ચૂંટણી પૂરી ન થાય ત્યાં સુધી સરનામું જ બદલી દીધું હોય. રત્નાકરજીના સતત ધામા અને પ્રદેશ પ્રમુખ વિશ્વકર્માજીની મુલાકાતોએ પણ કાર્યકરોને સ્પષ્ટ સંદેશ આપી દીધો છે કે આ ચૂંટણીમાં "ઓટો પાઈલટ" નામની કોઈ વ્યવસ્થા નથી. રોજેરોજ રિપોર્ટિંગ, સતત દેખરેખ અને દરેક હલચલ પર નજર... એવું લાગે છે કે બૂથ મેનેજમેન્ટ કરતાં વધુ હાજરીનો હિસાબ રાખવામાં આવી રહ્યો છે. શહેર પ્રમુખથી લઈને ધારાસભ્યો, વર્તમાન અને પૂર્વ હોદ્દેદારો તથા કોર્પોરેટરો સુધી દરેકને એવી જવાબદારી સોંપાઈ છે કે હવે એક જ બહાનું બચ્યું છે - "કામ ઘણું છે!" કુલ મળીને વ્યવસ્થા એવી જડબેસલાક ગોઠવાઈ છે કે કોઈ નારાજ હોય તો પણ પહેલા પોતાની ફરજ બજાવવી પડશે, પછી જ નારાજ થવાનો વારો આવશે. માંજલપુરની આ પેટાચૂંટણીમાં ભાજપે કદાચ નવું રાજકીય સૂત્ર આપ્યુ છે - "જવાબદારી એવી આપો કે બળવો કરવાનો સમય જ ન રહે!"

### વડોદરાની હાથણી 'લક્ષ્મી'નું મોત... એક નિ:શબ્દ જીવની વેદના પર મૌન કેમ?

આજે માત્ર એક હાથણી નથી મરી... માનવતાનો એક અંશ પણ ક્યાંક ખોવાઈ ગયો છે. દાહોદ જિલ્લામાં શોભાયાત્રા દરમિયાન વડોદરાની હાથણી લક્ષ્મીનું થયેલું કરુણ મોત માત્ર એક સમાચાર નથી. આ ઘટના દરેક સંવેદનશીલ વ્યક્તિના હ્રદયને ઝંઝોળી નાખે એવી છે. સૌથી વધુ દુ:ખ એ વાતનું છે કે આ ઘટનાને જાણે એક સામાન્ય બનાવ સમજીને ભૂલી જવાની ઉતાવળ જોવા મળી રહી છે. લક્ષ્મી કોઈ નિર્જીવ વસ્તુ નહોતી. વર્ષો સુધી ધાર્મિક પ્રસંગો, શોભાયાત્રાઓ અને લોકોની આસ્થાનો ભાગ બનેલી આ નિ:શબ્દ જીવ પણ થાકતી હતી, બીમાર પડતી હતી અને તેને પણ પીડા થતી હતી. પરંતુ તેના દુ:ખને વ્યક્ત કરવા માટે તેની પાસે શબ્દો નહોતા.



જો ખરેખર તે અસ્વસ્થ હતી, જો તેની સ્થિતિને અવગણવામાં આવી હોય, તો આ માત્ર એક અકસ્માત નહીં પરંતુ ગંભીર જવાબદારીનો વિષય છે. આ ઘટનાની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ અને જો કોઈ બેદરકારી સામે આવે તો જવાબદારો સામે કડક કાર્યવાહી થવી જોઈએ. લક્ષ્મી હવે પાછી નહીં આવે, પરંતુ જો તેના મોત પછી પણ આપણે કંઈ નહીં શીખીએ, તો કદાચ બીજી કોઈ હાથણી પણ આવી જ રીતે મૌન પીડાનો ભોગ બનશે.

### 'કમલમ'ના ચક્કર અને પ્રદેશના સપના, જિલ્લા ઉપાધ્યક્ષના રાજકીય GPSનો નવો રૂટ!

ભાજપમાં હોદ્દા માટે મહેનત કરવી નવી વાત નથી, પરંતુ એક જિલ્લા ઉપાધ્યક્ષના તાજેતરના રાજકીય પ્રવાસે પાર્ટીના કાર્યકરોમાં નવી ચર્ચા



જગાવી છે. સોશિયલ મીડિયામાં રોજેરોજ સક્રિય રહી પોતાની અલગ ઓળખ ઊભી કરનારા આ નેતાને હવે જિલ્લાની સીમાઓ નાની લાગવા લાગી હોય તેમ પ્રદેશ કક્ષાના હોદ્દાના સપના સતાવવા લાગ્યા છે. ચર્ચા એવી છે કે છેલ્લા કેટલાક સમયથી તેમની કારની દિશા જિલ્લા કાર્યાલય કરતાં વધુ 'કમલમ' તરફ જોવા મળી રહી છે. કહેવાય છે કે સંગઠનની બેઠકો કરતાં પ્રદેશના કોરિડોરમાં તેમની હાજરી વધુ નોંધાઈ રહી છે. જાણકારો તો એવી ટીખળ પણ કરે છે કે ગૂગલ મેપમાં કદાચ તેમની સૌથી વધુ સર્ચ થયેલી લોકેશન હવે કમલમ જ હશે! રાષ્ટ્રીય નેતાઓ સાથે મંચ શેર કરવો, ફોટોગ્રાફમાં આગળ દેખાવું, કડક ઝભ્ભામાં સોશિયલ મીડિયા પર હાજરી નોંધાવવી અને દરેક મુદ્દે નિવેદન આપવું... જાણે પ્રદેશના હોદ્દા માટેનું બાયોડેટા તૈયાર કરવાની પ્રક્રિયા જોરશોરથી ચાલી રહી હોય તેવું લાગી રહ્યું છે. ચર્ચા એવી પણ છે કે ઓબીસી સમાજમાંથી આવતા હોવાથી પ્રદેશ ઓબીસી મોરચામાં કોઈ ફેરફાર થાય તો પ્રમુખપદ પર નજર છે. અને જો પ્રમુખપદ ન મળે તો 'ચાલો મહામંત્રી પણ ચાલશે' એવા રાજકીય લવચીક અભિગમની પણ કાર્યકરોમાં ચર્ચા છે. જિલ્લા સંગઠન પ્રત્યેનો રસ હવે થોડો ઓછો અને પ્રદેશની રાજનીતિ પ્રત્યેનો ઉત્સાહ થોડો વધારે જોવા મળી રહ્યો હોવાનું પાર્ટીના જ વર્તુળોમાં કહેવાઈ રહ્યું છે. સોશિયલ મીડિયામાં તો તેઓ પહેલેથી જ 'ફુલટાઈમ એક્ટિવ' છે, હવે કદાચ હોદ્દામાં પણ 'અપગ્રેડ વર્ઝન' મેળવવાની તૈયારી ચાલી રહી છે. જોકે ભાજપમાં હોદ્દા સોશિયલ મીડિયા પરની પોસ્ટ, ફોટાની લાઈક્સ કે કમલમના ચક્કરથી નહીં, પરંતુ સંગઠનની જરૂરિયાત, વરિષ્ઠતા અને રાજકીય સમીકરણોથી નક્કી થાય છે. એટલે હાલ તો કાર્યકરો એક જ પ્રશ્ન પૂછી રહ્યા છે–કમલમના આટલા ફેરા પછી કમળ ખીલશે કે ફરી એકવાર "આગામી યાદીમાં વિચારશું"નો ગુલદસ્તો મળશે?